## ભાજપાના એક પણ કાર્યકર્તાના શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી

# ભારતના ટુકડા નહીં થાય : અમિતભાઈ શાહ

ડીસા ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનો વિશાળ રોડ શો અને જાહેરસભા યોજાઈ હતી. ડીસા ખાતેના આગમન પર ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ








શાહનું બનાસકાંઠા બેઠકના ભાજપાના ઉમેદવારશ્રી પરબતભાઈ પટેલ અને જીલ્લાના અગ્રણી નેતૃત્વએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીની અધ્યક્ષતામાં ડીસા ખાતે એક રોડ-શોનું આયોજન થયું હતુ જેમાં સ્થાનિક કાર્યકરો અને નાગરિકોએ ખુબ મોટી સંખ્યામાં સહભાગી થઈને સમગ્ર શહેરને ભાજપાના કેસરીયા રંગ અને ભારત માતાના જયકારાથી રંગી દઈને એક ઉર્જામય વાતાવરણનું સર્જન કર્યું હતુ, રોડ-શો બાદ તેઓશ્રીનું સભાસ્થળે આગમન થતાં જીલ્લા ભાજપાના અગ્રણીઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતુ.

પોતાના પ્રાસંગિક પ્રવચનની શરૂઆતમાં રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તેજીને ટકોર જ કાફી હોય છે તેમ ડીસાના નાગરિકોને વધુ કંઈ જણાવવાનું છે નહીં. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી એ જણાવ્યું હતું કે ઉત્તર થી દક્ષિણ અને પૂર્વ થી પશ્ચિમ એમ ભારતમાં તેઓએ ખૂબ પ્રવાસ કર્યો છે ત્યારે તમામ વર્ગ-જાતિ થી ઉપર ઉઠીને ભાજપાની પ્રજાકલ્યાણની નીતિને કારણે પ્રજામાં મોદી સાહેબ માટે અનહદ પ્રેમ અને તેમના નેતૃત્વમાં વિશ્વાસ રહેલો છે. તેથી જ પુનઃ ભારતીય જનતા પાર્ટી ની સરકારનું ગઠન નિશ્ચિત છે એમ જણાવીને શ્રી અમિત શાહે કોંગ્રેસને પડકાર ફેંકતા તેમના ગઠબંધનનો નેતા કોણ છે તે જાહેર કરવા જણાવ્યું હતું.

મોદી સાહેબે ૫ વર્ષમાં દેશને આગળ વધારવાનો અથાગ પરિશ્રમ કર્યો છે ત્યારે ભાજપાના ઉમેદવાર પરબરભાઈ પટેલને જીતાડવા પ્રજાને આહ્વાન કર્યું હતુ. છેલ્લા ૫ વર્ષમાં ૭ કરોડ માતાઓના ઘર સુધી ગેસ સિલિન્ડર, ૫ કરોડ શૌચાલય નિર્માણ, ૨.૫ કરોડ લોકોને પોતાનું ઘર, ૨ કરોડ ૩૫ લાખ લોકોના ઘરમાં વીજળી, ૫૦ કરોડ લોકોને ૫ લાખ સુધીની મફત સારવાર આપવાની આયુષ્યમાન યોજના હેઠળ ૨૨ લાખ ૮૦ હજાર ગરીબોના મફત ઓપરેશન જેવા જન કલ્યાણના કાર્યો કરવાનું કામ આ સરકારે કર્યું હોવાનું શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતુ. વધુમાં રાહુલ ગાંધીના પરિવારની ચાર પેઢીના નેતૃત્વની કોંગ્રેસ સરકારો કે જેમણે આ દેશમાં ૫૫ વર્ષ સુધી રાજ કર્યું છે તેમને ચૂંટણી ટાણે જ દેશમાં ગરીબી દેખાય છે ત્યારે આટલા લાંબા સમય સુધી તેમણે ગરીબી હટાવા શું કર્યું તે બાબતે દેશનો પ્રત્યેક નાગરિક જાણતો હોવાનું શ્રી અમિતભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતુ. વધુમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સર્જીકલ-એર સ્ટ્રાઈકથી દેશ અને સેનાના જુસ્સા તથા આત્મવિશ્વાસમાં વધારો થયો છે ત્યારે કોંગ્રેસ દેશ દ્રોહની કલમનો કાયદો હટાવવાની જાહેરાત કરીને જાણે કે ટુકડે-ટુકડે ગેંગને મદદ કરી રહ્યાં હોય તેમ લાગે છે. શ્રી અમિત શાહે કોંગ્રેસને ચેતવણી આપતાં જણાવ્યું હતુ કે ભાજપાના એક પણ કાર્યકર્તાના શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી ભારતના ટુકડા નહીં થાય.

વધુમાં શ્રી અમીત શાહે આપણો દેશ અત્યારે સુરક્ષિત, મજબૂત અને રાષ્ટ્રનિર્માણ માટે સિદ્ધાંતો સાથે વરેલા મોદી સાહેબના સફળ નેતૃત્વ હેઠળ જન કલ્યાણના કાર્યો સાથે આગળ વધી રહ્યો છે. આ સરકારે નાના વેપારીઓને જીએસટીમાંથી મુક્તિ, ઓબીસીપંચની મંજૂરી આપી આ સમાજને સંવિધાનિક અધિકારો આપવા, સવર્ણ સમાજને ૧૦% રિઝર્વેશન જેવા ક્રાંતિકારી નિર્ણયો કર્યા હોવાનું જણાવીને શ્રી અમિત શાહે આવનારા પાંચ વર્ષમાં દેશને વિશ્વમાં મહાસત્તા બનાવવા માટેનો દ્રઢ નિર્ધાર અહીં વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘણીએ પક્ષ માટે દિવસ-રાત એક જ કરી પરિશ્રમ કરતાં શ્રી અમિતભાઈ શાહે સમગ્ર દેશમાં કોંગ્રેસને ભોંય ભેગી કરી હોવાનું જણાવીને ઉમેર્યું હતુ કે તેઓની આ કર્મઠ કાર્યશૈલીથી કાર્યકર્તાઓને જોમ અને જુસ્સો પ્રાપ્ત થાય છે. વધુમાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ સોમનાથની શિવની પવિત્ર ધરતી પરથી બનાસકાંઠાની શક્તિની ધરતી પર આપણા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી પધાર્યા હોવાનો રૂડો સંયોગ થયો હોવાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતુ કે રાષ્ટ્રક્લ્યાણ કાજે સતત પરિશ્રમ કરતાં મોદી સાહેબ અને શાહ સાહેબને શિવ-શક્તિ એમ બન્નેના આશિર્વાદ પ્રાપ્ત છે. વધુમાં કોંગ્રેસને આડે હાથે લેતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે કોંગ્રેસના અધ્યક્ષ જ્યારે ફોર્મ ભરવા માટે ગયા ત્યારે તેમની સાથે માત્ર તેમના પરીવારના સદસ્યો હતા અને ભાજપાના અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ગાંધીનગરમાં ફોર્મ ભરવા ગયા ત્યારે તેમની સાથે પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓ હતા, આ ઘટના તો એક ઉદાહરણ માત્ર છે કે કોંગ્રેસમાં પરીવારવાદની રાજનિતિ અને ભાજપામાં શિસ્તબદ્ધ કાર્યકર્તાઓ થકી દેશના નિર્માણની રાષ્ટ્ર પ્રથમની નિતિમાં કેટલુ અંતર છે. વધુમાં તેઓએ આ ચૂંટણીને નવી પેઢી ના નવા ભારતના નિર્માણ ની ચૂંટણી તરીકે ગણાવી હતી.

આ પ્રસંગે ભાજપાના ઉમેદવારશ્રી પરબતભાઈ પટેલે બનાસકાંઠા જીલ્લામાંથી ભાજપાને જંગી બહુમતીથી જીત અપાવીને આદરણીય નરેન્દ્રભાઈ મોદીને દિલ્હી એક કમળ અર્પણ કરવા હાજર સૌ નાગરિકોને અપીલ કરી હતી. જીલ્લા ભાજપના પ્રમુખશ્રી કેશાજી ચૌહાણે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરી, પાટણના સાંસદ સભ્યશ્રી લીલાધરભાઈ વાઘેલા, પ્રદેશ મહામંત્રીશ્રી કે..સી.પટેલ, પૂર્વ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, ડીસાના ધારાસભ્યશ્રી શશીકાંત પંડ્યા, કાંકરેજના ધારાસભ્યશ્રી કિર્તિસિંહ વાઘેલા, ડીસા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન માળી, પ્રદેશમંત્રી શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ, સીટ ઈન્ચાર્જશ્રી રાણાભાઈ દેસાઈ, ગુજરાત વેરહાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી મગનલાલ માળી, ડીસા માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, પૂર્વમંત્રીશ્રી કાતિલાલ કચોરીયા, શ્રી હરજીવન પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રેખાબેન ખાણેશા, પ્રદેશ બક્ષી મોરચા પ્રમુખશ્રી દિનેશભાઈ અનાવાડીયા, જીલ્લા પ્રભારીશ્રી દુષ્યંતભાઈ પંડ્યા, સીટ વિસ્તારક ડૉ. સુખાજી ઠાકોર, મહંતશ્રી રૂપપુરી સ્વામી, તા.પં. પ્રમુખશ્રી ઉકાજી ઠાકોર, પૂર્વ પ્રમુખો શ્રી હરેશભાઈ જાની, શ્રી મહેશભાઈ દવે, સર્વે અગ્રણીશ્રી લાલજી પ્રજાપતિ, માલજીભાઈ કોદરવી, માધુભાઈ રાણા, હિતેષભાઈ ચૌધરી, ગુમાનસિંહ ચૌહાણ, અમૃત દવે, ઉમેદદાન ગઢવી, રાજુ ઠક્કર, લેબજી ઠાકોર, સંજય બ્રહ્મભટ્ટ, શાંતુભા વાઘેલા સહિત મોટી સંખ્યામાં જીલ્લા ભાજપાના આગેવાનો-કાર્યકરો અને વિશાળ સંખ્યામાં ડીસા શહેરના નાગરિકો હાજર રહેલ હતા.

### લોકસભાની ચૂંટણીમાં રોકાયેલા કર્મચારીઓ માટે

## પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પોસ્ટલ બેલેટથી પેપરથી મતદાન યોજાયુ

### પોલીસ, હોમગાર્ડ, જીઆરડી, એસઆરપીના જવાનોએ કર્યુ મતદાન



પાલનપુર

બનાસકાંઠા લોકોસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.ત્યારે ચૂંઠણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ મતદાનથી વંચીત ન રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા સોમવારે પાલનપુર પોલીસ પરેડા ગ્રાઉન્ડ ખાતે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.જેમાં પોલીસ, હોમગાર્ડ, જીઆરડી અને એસઆરપીના જવાનોએ પોતાનું મતદાન કર્યુ હતુ. ૨૩ એપ્રિલના રોજ લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાનાર છે.જેથી ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતીપૂર્ણ માહોલમાં મતદાન થાય તે માટે પોલીસ, એસઆરપી, હોમગાર્ડ અને જીઆરડીના જવાનોને બુથ તેમજ પેટ્રોલિંગના પોઈન્ટો ફાળવી ફરજ આપવામાં અવી છે.જેથી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ માટે પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાનનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં કર્મચારીઓ દ્વારા મતદાન કરી પોતાના માતાઅધિકારનો ઉપયોગ કર્યો હતો.



બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝના જીલ્લા કમાન્ડન્ટ રમેશભાઇ એમ. પંડયાની સૂચનાથી હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડિંગ અનુપદાસ બી. સાધુ અને ક્લાર્ક બાબુભાઈ વી. ભોકુના માર્ગદર્શન હેઠળ લોકસભાની ચૂંટણી ફરજ પર જનાર હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના જવાનોએ પોલીસ હેડ ક્વાર્ટસ પાલનપુર ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## લોકસભામાં ધાનેરા તાલુકામાંથી ભાજપને મોટી બહુમતી મળે તેવી લોકોમાં ચર્ચા

### કાર્યકર્તાઓ અને નાગરિકોમાં ઉત્સાહનો માહોલ

બનાસકાંઠા લોકસભામાં ભાજપ અને કોંગ્રેસ આમને સામને છે ત્યારે લોકોમાં મોદી સરકાર પ્રત્યે લાગણી જોવા મળી રહી છે લોકોએ ગત પાંચ વર્ષમાં મોદી સરકારે કરેલા કામોની પ્રશંસા કરી હતી અને ગરીબ લોકોના કામ પૂર્ણ થતાં ફરી એકવાર મોદી સરકાર બને તેવુ વાતાવરણ જોવા મળી રહ્યું છે મોદી સરકાર આવતા ભ્રષ્ટાચારીઓને સફાયો જોવા મળી રહ્યો છે તેમજ ગરીબ પ્રજાને સરકારી આવાસ યોજના શોચાલય ની યોજના ખેડૂતોને રાહત ગેસ કનેક્શન તેમજ દેશ પ્રત્યેની ભાવનાને જોતા લોકો ફરી એકવાર મોદી સરકાર લાવવા માટે તૈયાર થયેલ છે નાગરિકો તેમજ કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે એક જાતિના બન્ને ઉમેદવારો હોવા છતાં પરબતભાઈ પટેલનું પલ્લું ભારે લાગે છે અત્યારે જ્યાં ત્યાં મોદી સરકારની ચર્ચા થઈ રહી છે બનાસકાંઠામાં ધાનેરા તાલુકામાંથી મોટી લીડથી પરબતભાઈ પટેલ જીતે તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે આમ ફરી એક વાર મોદી સરકાર જ બને તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે હવે જોવાનું એ રહ્યું છે ૨૩મી તારીખે મતદાન પછી શું પરિણામ આવે તે જોવાનુ રયું.

## બનાસકાંઠા જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા ડોર ટુ ડોર કેમપેઈગનો આરંભ

જીલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી અને એમની ટિમ ૫૫ જીલ્લાપંચાયત સીટો અને ૫ નગરપાલિકા વિસ્તારમાં જાતે પ્રવાસ કરી યુવા મોરચાના કાર્યકર્તાઓ સાથે મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા.



૨૩ એપ્રિલના રોજ બનાસકાંઠા લોકસભા સીટનું મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે ભૌગોલિક વિસ્તારની રીતે બનાસકાંઠા જીલ્લો ૧૨૭૦૦ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર ધરાવે છે.આટલા લાંબા વિસ્તારમાં ઉમેદવાર દરેક જગ્યાએ પ્રવાસ ના કરી શકે એ સ્વાભાવિક છે. જે સન્દર્ભે યુવા મોરચાના કાર્યકર્તાઓએ ડોર ટુ ડોર કેમપેઈગની શરૂઆત કરી છે.જેમાં ૨૧ તારીખ સુધી જિલ્લાની તમામ ૫૫ જિલ્લા-પંચાયત સીટો અને ૫ નગરપાલિકા વિસ્તારમાં કાર્યકર્તાઓ મતદારોનો સંપર્ક કરશે.જે સન્દર્ભે ૧૨ એપ્રિલ થી દાંતા વિધાનસભા વિસ્તરથી મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે સન્દર્ભે દાંતા, પાલનપુર, ડીશા વિધાનસભાનો પ્રવાસ હાલમાં યુવા મોરચા દ્વારા પુરજોશમાં ચાલુ છે આગામી સમયમાં બાકીની તમામ વિધાનસભા વિસ્તરમાં કેમ્પેઈગ પૂર્ણ કરશે.

## પ્રાંતિજના ઘડકણ ખાતે કેન્દ્રીય મંત્રી રૂપાલાએ જાહેરસભા સંબોધી

### નગરપાલિકા અપક્ષ કોર્પોરેટર તથા કોંગ્રેસના ૧૦ દશ કાર્યકરો ભાજપમાં જોડાયા : કેન્દ્રીય મંત્રી રૂપાલાએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા : ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા



પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઘડકન ખાતે કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલાએ સભા સંબોધી હતી અને સાબરકાંઠાના દિપસિંહ રાઠોડને જીતાડવા માટે લોકોને અપીલ કરી હતી. રૂપાલાએ તેમના સંબોધનમાં જણાવ્યું કે ભાજપની સરકાર એ ખેડૂતોની સરકાર છે અને ખેડૂતો માટે લાભ આપ્યા છે.

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને અન્ય પક્ષો દ્વારા ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે અને વિવિધ સભાઓ સંબોધવામાં આવી રહી છે ત્યારે આજે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા સાબરકાંઠા જિલ્લાના ઈડર અને પ્રાંતિજ તાલુકાના ઘડકન ખાતે સભા સંબોધી હતી અને ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડને જીતાડવા માટે અપીલ કરી હતી.

રૂપાલાએ જણાવ્યું હતું કે દેશમાં લોકોએ ફરીથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે મન બનાવી લીધું છે અને અત્યાર સુધીમાં કોઈ ઉમેદવાર નહીં જીત્યો હોય એટલા મતોથી દિપસિંહ રાઠોડ જીતશે.

રૂપાલાની ઉપસ્થિતિમાં પ્રાંતિજ નગરપાલિકાના અપક્ષ ઉમેદવાર જગદીશભાઈ એ કિમતાણી તથા કોંગ્રેસના દસ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. અને કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સાબરડેરીના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ જે ડી પટેલ સહિત ઘડકન ગામના અને ભાજપના આગેવાનો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં ૪૩.૩૦ લાખની બે હજારની નકલી નોટો સાથે શખ્સ ઝડપાયો

### પોલીસ દ્વારા ખાનગી બસનું ચેકીગ કરતી વખતે નોટો ઝડપાઇ

પાલનપુર

પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઉભી કરાયેલી ચેક પોસ્ટએ રવિવારે પશ્ચિમ પોલીસની ટીમ દ્વારા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન આબુરોડ તરફથી આવતી એક ખાનગી લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા શખ્સ પાસેથી રૂપિયા ૪૩.૩૦ લાખની નકલી નોટો ઝડપાઈ ગઈ હતી. પોલીસે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીને લઈ જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુલ દ્વારા ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. જ્યાં પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઉભી કરાયેલી ચેક પોસ્ટએ રવિવારે પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકી સ્ટાફના સલીમ



ખાન, વિનોદભાઈ, રેખાબેન સાથે વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન આબુરોડ તરફથી આવતી ખાનગી લકઝરી બસ નંબર આર. જે. ૧૯. પી.બી.૨૬૯૯માં ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં મુસાફરી કરી રહેલા બિકાનેરના દંતોર ગામના પુનમચંદ ઓમપ્રકાશ શર્માના થેલાની તલાસી લેતાં તેમાંથી ૨૦૦૦ના દરની ૨૧૬૫ નંગ રૂપિયા ૪૩.૩૦ લાખની નકલી નોટો ઝડપાઈ ગઈ હતી. પોલીસે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બનાસકાંઠામાં મુક્ત માહોલમાં ચૂંટણી માટે વ્યવસ્થા

પાલનપુર, તા. ૧૫

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે ગુજરાતમાં તા.૨૩ એપ્રિલના રોજ મતદાન યોજાશે. બનાસકાંઠા જીલ્લામાં તટસ્થ, નિર્ભય, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં ચૂંટણી યોજવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સંદીપ જે. સાગલેના માર્ગદર્શન અને સુચના અનુસાર ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓ અને વ્યવસ્થા વ્યાપક રીતે કરવામાં આવી છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર તંત્ર દ્વારા ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે.

ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા નિમણુંક કરાયેલ ૨૬ જેટલા નોડલ અધિકારીઓના અધ્યક્ષસ્થાને વિવિધ સમિતિઓ કાર્યરત છે.

જિલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહ ખર્ચના નોડલ ઓફીસર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. ખર્ચ નિયંત્રણ માટે જિલ્લાકક્ષાની ફલાઈંગ સ્કવોડની ૩૦ અને સ્ટેટીક સર્વેલન્સની ૩૩ ટીમો કાર્યરત છે. આ ટીમોમાં એક એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કક્ષાના અધિકારી તથા ત્રણ હથિયારધારી પોલીસ અને એક વિડીયોગ્રાફર હોય છે. વિડીયો સર્વેલન્સની ૧૯ અને વિડીયો વ્યુઈંગની ૯ ટીમો કાર્યરત છે.

બનાસકાંઠા જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે ડીસ્ટ્રીકટ નોડલ અધિકારી તરીકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.વી. વાળા જવાબદારી સંભાળી રહ્યા છે. આચારસંહિતાને લગતી રજૂઆતો બાબતે વાળાનો સંપર્ક કરી શકાશે. તેમનો મો. નં. ૯૯૨૫૦ ૪૨૦૩૮ છે અને કચેરીનો ફોન નં. ૦૨૭૪૨-૨૬૦૦૦૩ છે તથા ફેક્સ નં. ૦૨૭૪૨-૨૫૩૮૫૦છે.